ફોજદારી કેસ નં. 5 / 2025

## આંક ૧ હેઠળ હુકમ

ફરિયાદી નેગોશીયલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ મુજબ આરોપી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરેલ છે. છેલ્લા ઘાણા સમયથી આરોપીને સમન્સ બજવા પર રહેલ છે. પરંતુ આજદીન સુધી આરોપી વિરૂદ્ધ સમન્સ બજાવી શકેલ નથી. વધુમા, આરોપીનુ નવુ સરનામુ જાહેર કરવા મુદત અરજીઓ રજુ રાખેલ છે ત્યાર બાદ ફરિયાદી કે ફરિયાદીના વકીલશ્રી કામે હાજર રહી કેસને આગળ વધારી પ્રોસીડીંગ કરેલ નથી. આજરોજ પોકાર કરતા ફરિયાદી હાજર નથી કે નવા સરનામા રજુ રાખેલ નથી. વધુમાં અગાઉ ફરિયાદ પક્ષને સરનામા રજુ રાખવા પુરતી તક આપવામા આવેલ છે તેમ છતા છેલ્લા 14 માસથી આરોપીનુ સરનામુ શોધી શકેલ નથી.

વધુમા, સીઆરપીસીની કલમ ૨૫૬ તથા બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૯ ધ્યાને લેતા ફરિયાદીને ગેરહાજરી કારણે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી અને આરોપીને નિર્દોષ ઠરાવવા બાબતેની જોગવાઈ હોય જે જોગવાહી ધ્યાને લેતા સબબ કામમા છેલ્લા ઘણા આરોપી મળી આવતા ન હોય અને કેસ આગળ ચલાવવા પ્રયત્ન કરેલ ન હોય જે કારણોસર હાલની ફરિયાદ રદ કરવી ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

: હુકમ :

૧. ફરિયાદીએ દાખલ કરેલ ફરિયાદ રદ યાને ડિસમીસ કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. હાલના કામના આરોપીઓ નેનિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તા. ૦૯/૦૩/૨૦૨૬

(જે જે આહુજા)
જ્યુડી.મેજી.ફ.ક., પલસાણા
જજ કોડ જી જે ૦૧૪૩૬